

ગાંડીવ

ગાંડીવ બાલોદ્યાન-માળા

૩૩

ખોટી ખોટી વાતો

નટવર વીમાવાળા



પ્રકાશક ગાંડીવ સાહિત્ય મંદિર સુરત.

મુદ્રક: પ્રકાશક
નટવર વીમાવાળા
ગાંડીવ સાહિત્ય મંદિર વતી—
ગાંડીવ મુદ્રણાલય
હવાડિયો ચકલો.

આવૃત્તિ ત્રીજી
સં. ૧૯૯૫
સને ૧૯૩૯
કિંમત: ૦-૪-૦

ઉ પ હા ર

ચિ૦ ______________________________ ને

______________________________ તરફથી

સપ્રેમ ભેટ

તા. ____________



ખોટી ખોટી વાતો

મચ્છલકુમાર



એક હતો રાજા. તેને એક રાણી. એક જ રાણી, હોં! સાત નહિ; પણ તેને કંઇ છૈયું છોકરૂં ન મળે.

એક દહાડો રાણી બાગમાં ફરતી'તી. તરસ ખૂબ લાગી. સાથે નોકર નફર તો હોય જ ને! એક દાસીને હુકમ કર્યો કે પાણી લઇ આવ.

દાસી તો ગઇ દોડતી. બાગમાં જ કુવારો હતો. ઘડો ભરીને પાણી લાવી.

ઘડો લાવીને રાણીજી સામે મૂકયો. એક

પ્યાલું લાવી. પ્યાલામાં પાણી રેડવા માંડયું. પાણી રેડતાં રેડતાં તો ભપ્પ કરીને એક નાનકડું માછલું ઘડામાંથી કૂદી પ્યાલામાં પડયું!

રાણીને તો ગમ્મત પડી. દાસીને હસતાં હસતાં કહે: મેર અલિ! તું તે મને પાણી પાઇશ કે માછલું?

દાસી તો ગભરાઇ ગઇ, શરમાઇ ગઇ. પછી બોલી: માફ કરો રાણીજી, હું બીજું પ્યાલું લાવું.

રાણીજી કહે: જા, લાવ. પણ આ માછલું જીવતું છે, તે છો જીવતું રહ્યું. આપણે એને એક કાચની બરણીમાં રાખીશું. દાણોદુણી નાંખીશું. છો બિચારૂં ખાઇપીને લહેર કરતું.

પછી તો રાણીએ એ માછલાને સારી પેઠે પાળ્યું. બિચારીને છૈયાં તો હતાં નહિ; આ એક રમકડું મળ્યું. રાણી તો માછલાને હુલાવે ને ફુલાવે; ખવડાવે ને પીવડાવે. રાણીને તો માછલા પર પ્રેમ લાગ્યો. રાજા તો રાણીની મશ્કરી કરે કે: વાહ રાણીજી, વાહ! તમે તો ઠીક ધંધો

શોધ્યો ને !

પછી તો રાજાએ માછલાનું નામ મચ્છલકુમાર પાડયું. મશ્કરીમાં સ્તો. પણ રાજા નામ પાડે એટલે શું ? સૌ એ જ નામે બોલાવવા લાગ્યાં. રાણી પણ એ નામે બોલાવવા લાગી. મચ્છલકુંવરનાં તો માન વધી ગયાં જો !

પણ થોડા દિન ગયા ત્યાં તો મચ્છલકુંવર બહુ મોટા થઇ ગયા. બરણીમાં માય નહિ. રાણીજી કહે: હવે આ વાસણ બદલવું જોઇશે. પછી તો કુંવરને એક રૂપાકુંડી (ત્રાંબાકુંડી નહિ) માં મૂકયા.

મચ્છલકુંવર તો ખાય છે, પીએ છે, રાણી સાથે રમે છે ને ગેલ કરે છે. ધીમે ધીમે મોટા થાય છે.

થોડા દહાડા ગયા ત્યાં તો મચ્છલકુંવરને રૂપાકુંડીય નાની પડવા લાગી તો !

રાણીજીએ તો એક મોટું તપેલું કરાવ્યું. રૂપાળું તપેલું, ભાત તો એવી સરસ પાડેલી !

કુંવરે તેમાં વાસો કર્યો.

મચ્છલકુંવર તો તપેલામાં નાચે ને કૂદે, ગેલ કરે, મઝા કરે. પાછા ધીમે ધીમે મોટા તો થતા જ જાય છે ને! પછી તો તપેલું ય નાનું પડવા લાગ્યું.

રાણી કહે: આ તો ભાઇ કોઇ જબરો મચ્છલ-કુંવર દેખું! હવે તો એને માટે મોટું તળાવ જ જોઇશે તો.

મહેલના બાગમાં કુંડ હતો. મોટો કુંડ હતો, રૂપાળો હતો. રાણીએ તે સાફસુફ કરાવ્યો. ચોકખું નવું પાણી રેડાવ્યું. મચ્છલકુંવરની ત્યાં પધરામણી કરી.

રાણીજી તો રોજ સવારે ત્યાં ખવડાવવા જાય. મચ્છલકુંવરને ભાત ખવડાવે, સાકરિયા ચણા નાંખે, વરીયાળી દાણા નાંખે, કંઇ કંઇ નાંખે.

એક દહાડો તો કૌતુક થયું. રાણી દાણા નાંખે છે, ત્યાં તો મચ્છલકુંવરને વાચા આવી. તે કહે કે: રાણીમા, રાણીમા, મને તો એકલા

ગમતું નથી. તમે મહેલમાં ને હું તો અહીં.

આ બાપરે! આ માછલું તો જબરૂં નીકળ્યું ને ?—રાણીજી તો આભાંજ થઇ ગયાં. માછલાં તે વળી બોલતાં હશે ?

પછી તો રાણીજી કહે: શું કરૂં ત્યારે, દીકરા ? તું કહે તેમ કરીએ.

મા, મને પરણાવો. મારે માટે વહુ આણો.

રાણી સમજ્યાં કે કહો ના કહો પણ આ માછલું ચમત્કારી છે. નહિ તો આવું ન બોલે. જોઇએ તો ખરા, એનો ચમત્કાર શું છે ?

રાણી કહે: વારૂ બેટા, હું તપાસ કરૂં છું. તું તારે નિરાંત રાખ.

પછી તો રાણીએ ઢંઢેરો પીટાવ્યો. ગામમાં શેરીએ શેરીએ ને આસપાસ બધે દાંડીઆઓ ફરી વળ્યા. મચ્છલકુંવરને માટે કન્યા જોઇએ છે. મચ્છલકુંવરની સાથે જે પોતાની દીકરી પરણાવે તેને હજાર મહોર મળશે.

પણ લોકો તો બબડવા લાગ્યાઃ હાય, હાય!

આ રાણી શું કરવા બેઠી છે! ગાંડી થઇ ગઇ કે શું ? વળી કોઇ માછલાં સાથે તે પરણતું હશે ? કે વળી કોઇ પોતાની દીકરી પરણાવતું હશે ? રાણીનું લાડકું હોય તેમાં શું થઇ ગયું ?

ગામમાંથી કોઇએ હા જ ન પાડી ને! માછલા સાથે તે કોણ દીકરી પરણાવે ?

પછી તો ગામેગામ માણસો દોડાવ્યા. ખૂબ ભટકાવ્યાં. હજારને બદલે દશ હજાર સોનામહોર આપવી કરી. પણ લોકોમાં તો ગપ ફેલાઇ કે માછલું વહુને ખાઇ જ જશે. કોણ દીકરી પરણાવે ?

છેવટે એક બાઇ નીકળી. તેને સાવકી દીકરી હતી. દીકરી ભારે રૂપાળી. અઢાર વીસ વરસની. પણ સાવકી મા પરણાવે જ નહિ. તેની પાસે પૈસા જ નહોતા ને.

રાણીના માણસે તેને લલચાવી. દશ હજાર સોનામહોર કંઇ કહેતાં થાય છે? બાઇ તો પીગળી ગઇ. નક્કી થયું. દીકરીને માએ કહ્યું: કીકી, કીકી! તારાં લગ્ન નક્કી કર્યાં છે. મચ્છલકુંવર

સાથે તને પરણાવવાની છે. જા, નાહીધોઇને ચોકખી થા. પછી ગામ જવાનું છે.

કીકી તો ઘડો લઇને નદીએ નાહવા ગઇ. રસ્તે ચાલતાં તો તેની આંખમાં આંસુ આવી ગયાં. માછલા સાથે પરણવાનું તે કોને ગમે ? પણ કરે શું ?

રડતી રડતી નદીએ નાહવા બેઠી. એકલી જ હતી. નદી પર બીજું કોઇ નહોતું.

એ રડતી'તી, તે જોઇને એક માછલીએ નદી-માંથી ડોકું કાઢ્યું ને પૂછ્યું: કેમ રડે છે, બેટા ?

કીકીએ તો બધી વાત માંડીને કહી.

માછલી તો કહેઃ આહોહો ! એમાં રડે છે શાની ? ગભરાવાનું છે જ નહિ. જોને, તું ખુ-શીથી પરણી જજે. પછી જ્યારે તું મચ્છલ-કુંવરની પાસે જાય ત્યારે કુંવરને માથે સાત ટપલી મારજે. જોજે, કંઇ નવું જ કૌતક થશે.

કીકી તો અચંબો પામી. પણ મનમાં ધાર્યું: વાત ખરી હશે. નહિ તો માછલાં તે વળી


માણસ પેઠે બોલતાં હશે ?

કીકી તો ઘડો ભરીને ઘેર ગઇ. પછી રાણીના દૂત તેને પોતાની સાથે લઇ ગયા.

પછી તો રંગેચંગે ને પૂર ધામધૂમથી મચ્છલકુંવરનાં લગન થયાં. એક દોરો એક નાકેથી મચ્છલકુંવરને બાંધ્યો ને બીજે નાકેથી કીકીના હાથમાં આપ્યો. વાજાં વાગ્યાં ઢૂમઢૂમ, ને લગન થઇ ગયાં.

રાત પડી. કીકી–મચ્છલરાણી તો તળાવકાંઠે બેઠી છે. કુંવર તેને બોલાવે છે કે તળાવમાં પડ; પણ તેની હિંમત ચાલતી નથી. એટલે તો કુંવર જ તરતો તરતો કાંઠે આવ્યો ને માથું ઊંચું કર્યું. વહુએ તો ટપાક ટપાક સાત ટપલા લગાવ્યા. સાતમે ટપલે તો ઝગઝગઝગ એવું અજવાળું થયું કે જાણે સૂરજ જ સામે ના ઊગ્યો હોય ! કીકીની આંખો મીંચાઇ ગઇ. થોડી વારે ઉઘાડીને જુએ છે, તો સામે એક કુંવર ઊભો છે. માછલુંબાછલું છે નહિ. એ તો એક

કુંવર જ હતો, તેને એક ડાકણે માછલું બનાવેલો. મચ્છલરાણી તો રૂપાળા ને હસમુખા કુંવરને જોઇ રાજીરાજી થઇ ગઇ. પછી બંને જણાં મહેલમાં રાણી પાસે ગયાં ને વાત કહી. રાજારાણીએ કુંવરને દીકરો કરીનેજ રાખ્યો ને છેવટે રાજગાદી પણ આપી. પછી સૌએ ખાધું, પીધું ને મોજ કરી.





એક હતો રાજા. તેને ત્રણ છોકરા. રાજા ઘરડો થયો. એક દહાડો ત્રણેને બોલાવ્યા. કહ્યું: જુઓ દીકરાઓ! તમે છો ત્રણ ને ગાદી છે એક. હું હવે ઘરડો થયો. તમારા ત્રણમાંથી એકને ગાદી મળે. પણ કોને આપવી તે મને નથી સમજાતું. તમે ત્રણે ભલા છો. ત્રણે ડાહ્યા છો. મારે કરવું શું?

એટલે મેં નવી રીત શોધી છે. તમે એક કામ કરો. ત્રણે જણ પરદેશ ખેડવા આજે ની-

કળી પડો. એક વરસ બરાબર ફરો. છેક છેલ્લે દહાડે પાછા આવો.

આવતે વરસે આ દહાડે ત્રણે ભાઇઓ પાછા ફરે. સૌ એકેક ઉમદા ઘોડો લેતા આવે. સૌમાં જેનો ઘોડો સરસ હશે તે મારા પછી રાજા થશે.

કુમારો કહે: વારૂ, જી. ત્રણે કુંવરો તો ઘેર ગયા. માને પગે લાગ્યા. ગુરૂને પગે લાગ્યા. કાકાને પગે લાગ્યા. સૌ ઘરડાંને પ્રણામ કરી ત્રણે ભાઇ તો સાથે નીકળ્યા.

જતાં જતાં એક ઠેકાણે ત્રણ રસ્તા ભેગા થતા હતા. ત્યાં કુંવરો આવી લાગ્યા. ત્યાંથી ત્રણે છૂટા પડયા.

શહેર તરફ જતો હતો એ રસ્તે મોટો ભાઇ ગયો.

દરિયા તરફ જતો હતો એ રસ્તે વચલો ગયો.

જંગલ તરફ જતો હતો તે રસ્તે નાનડો ગયો.

(૨)

નાનડો તો જંગલમાં પેઠો ને ચાલ્યો ચાલ્યો

જાય છે. એમ કરતાં રાત પડી. વનમાં તો અંધારૂં ઘોર. વાઘ ગરજે ને સિંહ ઘોરે. શિયાળવાંની ચીસ સંભળાય. પવનના સુસવાટા આવે. વન તો એવું બિહામણું કે ન પૂછો વાત.

નાનડાને થયું: હું તો રસ્તો ભૂલ્યો, કે શું? તો યે તે ધીરે ધીરે ચાલ્યો જાય છે. એ તો બહાદુર હતો ને! એ બીએ શાનો?

તો યે જતાં જતાં દૂરથી એક દીવો દેખાયો એટલે એણે 'હાઆઆશ' કરીને એક દમ મૂકયો.

પછી ગયો દીવાને અજવાળે અજવાળે. જુએ છે તો મસ મોટો મહેલ છે. ઘણી ઘણી બારી છે. એક બારીમાંથી દીવો ઝબકઝબક ઝબકે છે.

મહેલનો દરવાજો પણ બહુ મોટો. દરવાજે એક રણશિંગું લટકે. નાનડાએ તો શિંગડામાં ફુંક મારીને અવાજ કર્યો. અવાજ સાથે ભટ્ દઇને બારણાં ઊઘડયાં જ છે ને!

કુંવરભાઇ તો અંદર પેઠા! પણ મહેલ તો ખાલીખમ! ઓરડેઓરડા જોઇએ તેટલા, પણ

ઓરડામાં નહિ માણુસ કે નહિ જાનવર. કુંવરના તો અચંબાનો પાર નહિ.

એમ કરતાં કરતાં એક મોટે ઓરડે એ આવ્યો. ઓરડામાં એક સિંહાસન હતું. તે પર બીજું તો કોઇ નહિ, પણ એક ધોળી બિલાડી બેઠેલી.

કુંવર બારણે પહોંચતાં જ બિલ્લીબાઇ બોલ્યાં: આવ રે કુંવર આવ ! દૂરદૂરથી આવ્યો છે, થાકયો-પાકયો થયો છે. હાથ ધો, મોં ધો, પાણી પીને ઠંડો થા. ખાવાનું તૈયાર છે.

કુંવરને નવાઇ લાગી. બિલ્લીબાઇ તે બોલતાં હશે ? ત્યારે આ કેમ બોલે ? પણ તેને તો કકડીને ભૂખ લાગેલી, એટલે બીજો વિચાર પછી થશે, એમ કરી હાથ મોં ધોયાં. બિલાડી કહે: ચાલો હવે.

બંને જણ રસોડે ગયા. શું એ રસોડાનો ઠાઠ ! સોનાના થાળા ને રૂપાના વાડકા. ભાણું પીરસેલું તૈયાર, શિખંડ ને લાડુ ને બરફી ને પેંડા, ભજીયાં બધી જાતનાં. શાકમાં ભીંડા ને

કારેલાં, વેંગણુ ને વળી તુરિયાં. કુંવરભાઇ તો પેટ ભરીને જમ્યા. ખૂબ ખાધું. રસોઇ પણ એવી કે જાણે ખાધા જ કરીએ.

જેમ એ ખાતો જાય તેમ પાછું પીરસાતું જાય. કોણ પીરસે તે તો દેખાય નહિ. ભાણામાં વધે એ વાત ખરી. જે કંઇ જોઇએ તે બિલાડીએ મોંમાંથી બોલવાની જ વાર. બોલતાં જ દોડતું દોડતું આવીને હાજર થાય.

ખાઇ રહ્યા એટલે જળનો ઘડો આવ્યો, સાબુ આવ્યો, ટુવાલ આવ્યો. મોં ધોયું ને હાથ ધોયા, ત્યાં તો સોનાની ડબ્બીમાં સુંદર પાન ઊડતું આવીને તૈયાર !

કુંવર તો થાકેલો બહુ. બિલ્લીબાઇ તેને લઇ ગયાં, સૂવાને ઓરડે. સવામણ રૂની તળાઇમાં ભાઇ તો સૂવા પડયા. આંખ મીંચતાંમાં ઉંઘી ગયા.

સવારે જાગ્યા. બિલ્લીબાઇ કહે: ચાલો નાસ્તો ખાવા. નાસ્તો ખાધો. પછી કહે: આખો મહેલ જુઓ. મહેલ જોઇ જોઈ રાજી થયા. એટલે

બિલ્લીબાઇ કહે: ત્યારે કુંવર, તમે અહીંજ રહોને, થોડા દહાડા.

આવું મજાનું રહેવાનું. કોને ન ગમે? નાનકડા ભાઇ તો રહી પડયા.

(૩)

એમ કરતાં કરતાં મહિનો ગયો, બે મહિના ગયા, ત્રણ મહિના ગયા. એક દહાડો કુમાર બિલ્લીબાઇને કહે: હવે તો હું જઇશ. બહુ રહ્યો.

બિલાડી પૂછે: કેમ વારૂ, કયાં જવું છે?

ભાઇએ તો બધી વાત કહી. ઘોડો શોધી મારે ઘેર જવાનું છે. ઘોડો પણ મજાનો જોઈએ.

બિલાડી કહે: બસ એજ ને? ઓહોહોહો! મને કહ્યું તો આજે ને? તમે તમારે રહો નિરાંતે. ઘોડો મારે આપવો. છેલ્લે દહાડે તે પર બેસી જજોને તમારે ઘેર.

નાનડાભાઇને તો મઝા પડી. આવું ખાવા-પીવાનું ને રહેવાસૂવાનું. ને વળી ફક્કડ ઘોડો આયતો મળે. કોણ ના કહે? ચાલોને ભાઇ,

રહી પડો અહીંઆ.

ભાઇ તો ત્યાં રહ્યા ને મઝા કરવા લાગ્યા.

(૪)

એમ કરતાં વરસ પૂરૂં થવા આવ્યું. એક બે દહાડાજ રહ્યા.

એટલે કુંવર કહે:

બિલ્લીબાઇ, બિલ્લીબાઇ, મારો ઘોડો આણો.

ઘોડો લઇને ઘેર જાઉં
ઘેર જઇને રાજા થાઉં
રાજા થઇને રાજ કરૂં
પ્રજાનાં સૌ દુઃખ હરૂં

ત્યારે બિલ્લીબાઇ કહે: ભલે, ભલે, ભલે. ચાલો તબેલે.

મહેલની પાછળ તબેલો હતો. તબેલે ગયા. કુંવરે દરવાજો ખોલ્યો. જોતાં જ સડક થઇ ગયો! આહાહા! કેવો સુંદર ઘોડો! જાણે રૂપાથી મઢેલો દેહ ન હોય! એવો સુંદર, ધોળો, મજબૂત, દેખાવડો ઘોડો ત્યાં ઊભો હતો. જાણે એની

વાટ ન જોતો હોય !

કુંવરે તો બિલ્લીબાઇને પ્રણામ કર્યા. ઉપકાર માન્યો. મારી છલંગ ને બેઠો ઘોડા પર.

ઘોડો તો પવનવેગે છૂટયો જ છેને !

(૫)

જોતજોતાંમાં તો નાનડો કુંવર ઘેર આવીને ઊભો. ત્યાં તો બીજી બાજુથી પેલા બે કુંવરો પણ આવ્યા. એકે આણેલો ખૂબ સરસ બદામી ઘોડો. ને બીજાનો ઘોડો કાળો મેંશ જેવો, પણ ચકચકતો ને કદાવર; તે પણ સરસ હતો.

રાજાજીએ તો ત્રણે ઘોડા જોયા. મોં જોયાં. આંખ જોઇ. ખોંખારો જોયો. ઘોડા તો બધા જાણે એક એકથી સરસ. તોયે રાજાને ધોળો રંગ પસંદ પડયો.

પણ રાજાજી તો ન્યાયી હતા ને ? બોલ્યા: જુઓ બેટાઓ, ધોળો ઘોડો મને સૌથી પસંદ છે. પણ બધા ઘોડા સરખેસરખા છે. માટે ઉપડો પાછા સફરે. ફરી આવો એક વરસ. ને સર-

સમાં સરસ, નાનામાં નાનું, બચુકલું એક કુરકુરિયું લાવો.

બાપાજીની આજ્ઞા. દીકરા બધા ડાહ્યા. ત્રણ જણા તો ચાર દહાડા રહી ફરી ઊપડયા. દરેક જણ પોતપોતાને ઘોડે બેઠા.

(૬)

આપણો નાનકડો કુંવર તો બીજે શાનો જાય ? પહોંચ્યો બિલ્લીબાઇને મહેલે. બિલ્લીબાઇ તો એને જોઇ ખૂશ ખૂશ થયાં. બધી વાત સાંભળી. પછી કહ્યું: ઓહો, એમાં શું ? તમે તમારે વરસ બધું અહીં રહો. જવાનો વખત થાય ત્યારે હું નાનકડું કુરકુરિયું આપીશ.

કુંવરભાઇ તો રાજી થયા ને રહી પડયા.

વરસ પૂરૂં થયું એટલે બિલ્લીબાઇએ તો કુંવરને એક બદામ આપી. મોટી બદામ. ખાસ્સી જમરૂખ જેવડી. પછી કહે: આને ભાંગજે એટલે તમારૂં મનમાન્યું મળશે.

કુંવર ઘેર પહોંચ્યો. પેલા બે ભાઇ તો

આવેલા જ હતા. બંને પાસે એકએક કુરકુરિયું. નાનકડાને જોઇ બંને બોલ્યા: કેમ, તું કુરકુરિયું નથી લાવ્યો ?

કુંવરે તો ગજવામાંથી બદામ કાઢી. ફટ્ દઇને અફાળી જમીન પર. એટલે હૂપહૂપ કરતું ભસતું, લીંબુ જેવડું કુરકુરિયું મહીંથી નીકળ્યું જ છે ને !

રાજાજીએ ત્રણે કુરકુરિયાં જોયાં. નાનડાનું તેમને પસંદ પડયું. તો યે બોલ્યા: હવે ચાલો, એક ત્રીજી વાર જઇ આવો. દુનિયાની સૌથી રૂપાળી છોકરીને લઇ આવો. જોજો, જે સૌથી સરસ લાવશે, તેને ગાદી મળશે.

(૭)

ત્રણે કુંવર ઘોડે બેસીને પાછા ઊપડયા.

નાનો કુંવર પાછો બિલ્લીમહેલે ગયો. બિલ્લીબાઇને વાત કરી. પાછાં બિલ્લીબાઇ કહે: ઓહો, એમાં શું ? તમે તમારે અહીં રહો. વરસની આખરે તમારૂં કામ થઇ જશે.

વરસ પૂરું થયું. કુંવરે વાત કરી. બિલ્લાડીબાઇ કહેઃ કુંવર! એક કામ કરો. પેલી તલવાર પડી છે. તે લો. મારું ડોકું કાપો ને મારી પૂછડી કાપો. તમને જોઇશે તે મળી રહેશે.

કુંવર તો ચમકી ગયો. બોલ્યો: ના રે ભાઇ, એવું તે થાય? તારો તો મારા પર કેટકેટલો ઉપકાર છે. બિલ્લી છે તેમાં શું? મને તારા પર બહુ હેત છે. તારું તે ડોકું કપાય! અરે, તને કાંટો વાગે તોય મને રડવું આવે.

પણ બિલ્લી તો એની પુંઠેજ પડી. બસ કાપો, કાપો, કાપો, કાપો. મારું ડોકું પૂછડું કાપો. છેવટે કહે: કાપી તો જુઓ. એમાં કંઇ નુકસાન નથી.

(૮)

આખરે કુંવરને લાગ્યું કે આમાં કાંઇ ભેદ છે. નહિ તો વળી કોઇને મરવાનું મન થાય? કુંવરે તો તલવાર લઇને બિલ્લીબાઇનાં પૂછડી ને માથું કાપી નાખ્યાં. ત્યાં તો બિલ્લી મટીને

તે એક સુંદર બાળા જ બની રહી તો!

સુંદર પણ કેવી? ચાંદા જેવી ગોરી! રૂ જેવી નાજુક! ફૂલ જેવી હસતી!

જાણે કોઇ રાજાની કુંવરીસ્તો.

કુંવરી બોલી: કુંવર, મને તો એક ઘરડા જાદુગરે બિલ્લી બનાવેલી. તમારે હાથે હું પાછી માણસ થઇ. ફરમાવો, તમારી સેવામાં હાજર છું.



કુંવર તો જાણે હરખે ઘેલો બન્યો !


પછી બંને જણ રાજા પાસે ગયાં. બીજા બે ભાઇઓ પણ એકેક બાળા લાવેલા. પણ કયાં આપણી બિલાડકુંવરી, ને કયાં એ છોકરીઓ ?

રાજાજી બોલ્યા: નાનડા ! દર વખતે સોથી સારી વસ્તુ તુંજ લાવ્યો છે. માટે તું ગાદી પર બેસ.

નાનો કુંવર કહે: ના બાપાજી. મારે એકલાને ગાદી ના જોઇએ. અમે ત્રણે જણા રાજ કરીશું.

ત્યારે બાપાજી બોલ્યા: ભલે, એમ રાખજો.

પછી બધાંએ ખાધું, પીધું ને મજા કરી.





અસલના જમાનાની વાત છે. ખોટી ખોટી વાત છે. કોઇએ બનાવી કાઢેલી. પણ છે ગમ્મતની.

એક હતો બ્રાહ્મણ. ગરીબ બહુ. ઘરમાં માત્ર તે, તેની વહુ અને એક દીકરો. પણ આટલાનું ગુજરાન કરવા જેટલી ય આવક ન મળે.

ભાઇસાહેબ ભણેલા તો બહુ. પૂરા પંડિત. શાસ્ત્રપોથીમાં તો પહેલો નંબર. ગીતાપુરાણમાં ઉસ્તાદ. પણ પૈસા કમાતાં જ ન આવડે. ભીખ માંગવા નીકળાય જ નહિ ને !

એક દહાડો ઘરમાં સૂતેલો. સૂતો સૂતો

મનમાં વિચારે છે: ભલા ભગવાન, મારૂં નસીબ આવું કેવું ! ઘરમાં હાંલ્લેહાંલ્લાં કુસ્તી કરે ! ખાવાપીવાના સાંસા ! સંસાર કેમ ચાલશે ?

સૂતાં સૂતાં ઉપર નજર ગઇ તો છાપરામાંથી મેંશવાળું એક જાળું લટકતું જોયું. બ્રાહ્મણ સૂતો સૂતો વિચાર કરતો હતો ત્યાં તો એ જાળું તૂટીને પડ્યું જમીન પર. જમીન પર પડતાં જ તેનો સાપ થઇ ગયો. ત્યાં જ એ ભાઇની વહુ ને દીકરો સૂતેલાં. સાપ બંનેને કરડ્યો. સખત કરડ્યો. અને ઘરની બહાર ચાલ્યો ગયો !

બ્રાહ્મણ તો આ જોઇને સડક જ થઇ ગયો.

આ તે શું જાદુ ?

પછી વહુ ને છોકરો તો મરી ગયાં. હવે શું કરવું ? પોક મૂકીને રડવું ? શા માટે ? જીવતાં હતાં ત્યારે તો ખવડાવવું ભારે પડતું. ને રડવાથી શું વળે ?

(૨)

ભાઇ તો એમ વિચારી ઘરની બહાર નીક-

ઉપ્યા ને ગયા સાપની પાછળ પાછળ. આ જાદુઈ સાપ બીજા શું વેશ ભજવે છે તે તો જોઈએ!

આગળ સાપ ને પાછળ બ્રાહ્મણ. બંને ચાલ્યા ચાલ્યા જાય છે. એવામાં એક ખેતર આવ્યું. સાપ ખેતરમાં પેઠો. બ્રાહ્મણ પણ પાછળ પાછળ ગયો. ખેતરમાં એક બકરૂં ચરે. તેને ઝાડ સાથે બાંધેલું. સાપ તો ફટ્ દઈને સાંઢ બન્યો. બકરાના પેટમાં શીંગડાં ખોસી દીધાં. બકરો બેં બેં કરતો લોહીલૂહાણ થઈ પડયો ને મરી ગયો!

પંડિતજી તો ડઘાઇને જોઈ જ રહ્યા!

સાંઢ પાછો સાપ થયો ને આગળ ચાલ્યો. થોડે દૂર એક જૂનુંપુરાણું દહેરૂં હતું. દહેરામાં એક મહંત રહે. તેની પાસે એક હાથી હતો. સાપ તો જઈને હાથીને કરડયો. હાથી મુડદું થઈને પડયો. પંડિતજી આ બધું જોયા જ કરે છે!

(૩)

પાછા ચાલ્યા ચાલ્યા જાય છે. આગળ સાપ ને પાછળ પંડિતજી.

થોડે દૂર ગયા કે બીજું ખેતર આવ્યું. તેની વાડ પડી ગઇ હતી. ખેડૂત વાડ સમી કરે. થોડે દૂર ખેડૂતનો છોકરો રમે છે.

બપોર થયા છે. ખેડૂતની વહુ રોટલા ભાત લઇને વાડને નાકે આવી છે. નાકે આવીને દીકરાને બૂમ પાડે છે: લખુડિયા, એ લખુડિયા....

લખુડિયો દોડતો દોડતો મા તરફ ગયો. ત્યાં તો પેલો સાપ કાળો વીંછુ થઇને તેને પગે ડંખ્યો. છોકરો "એ બાપરે" કરતો પડયો. જોતજોતાંમાં તેના રામ રમી ગયા. ખેડૂત ને કણબણ રડવા બેઠાં. હસતાં મોંઢે ચોધાર આંસુ આવ્યાં. પંડિતની આંખમાંથી પણ ડબડબ આંસુ પડયાં.

(૪)

ત્યાં વીંછુ પાછો સાપ થઇને આગળ આગળ ચાલ્યો જાય જ છે. એમ ને એમ એણે બીજા પણ બે જીવ લીધા.

ત્યાંથી થોડે દૂર જતાંજ સાપ બની ગયો ઘરડો બ્રાહ્મણ.

ઘરડો બ્રાહ્મણ ચાલ્યો જાય છે. પાછળ આપણા પંડિતભાઇ છે. એમ કરતાં કરતાં પંડિતે તેને પકડી પાડયો.

પાસે જઇને હાથ જોડીને ઊભો રહ્યો. ઘરડો બ્રાહ્મણ પણ ઊભો રહ્યો ને પૂછયું: કેમ, શું છે?

મહારાજ, આપ કોણ છો?

ડોસો કહે: તારે જાણીને શું કામ છે?

પંડિત કહે: મહારાજ કહોને. મારે કામ છે.

ડોસો કહે: તું મારી પાછળ પાછળ તો આવે છે. હજુ ના સમજયો, હું કોણ છું તે?

મહારાજ, મને જણાવો.

હું કાળ છું. મૃત્યુ છું. જમદેવ છું. તેં જોયું ને?

પંડિત કહે: ભલે, મહારાજ, પણ એક વાત તો મને કહો. મારૂં મરણ શાથી છે?

ડોસો કહે: તે કંઇ કહેવાય નહિ.

પણ પંડિતજી તો ખૂબ જ વળગ્યા. ડોસાને આગળ જવા જ ન દે ને! છેવટે ડોસે કહ્યું:

હું તને કહું તો ખરો. પણ તું કોઇને તે વાત કરશે તો મરી જ જશે.

પંડિતજી કહે: વારૂ, નહિ કહું. કોઇને નહિ કહું.

આમ સોગંદ ખાધા એટલે ડોસો બોલ્યો: તને મગર ગળી જશે.

એટલું બોલી ડોસો તો ક્યાં જતો રહ્યો તે જણાયું જ નહિ. ગેબ થઇ ગયો!

(૫)

પોતાનું મોત કેમ થશે તે જાણવાથી પંડિતજીએ એક વિચાર કીધો. મગરવાળે થાનકે જવું જ નહિ. તળાવે નહિ, નદીએ નહિ, સરોવરે નહિ. કદિ ત્યાં જાઉં જ નહિ, તો મગર મને ક્યાંથી ગળવાનો? મગર કંઇ પાણી બહાર થોડો જ હોય? ને પાણીની પાસે જ ન જવું તો!

પંડિતજીએ તો આવો વિચાર કીધો ને આગળ ચાલ્યા.

થોડે દૂર ગયા તો એક શહેર આવ્યું.

એક ભલો રાજા ત્યાં રાજ કરે. પંડિત તેને મહેલે ગયો. રાજાએ તેને રહેવાખાવાનો બંદોબસ્ત કરી આપ્યો.

બધી વાત થઇ એટલે મહારાજ કહે: રાજાજી, મારે એક વાતનો નીમ છે.

શું નીમ છે ભાઇ?

હું કદિ નદીએ ની હતો નથી. નહિ નદી, નહિ તળાવ, નહિ સરોવર. હું નાહવાધોવાનું ઘેર જ રાખીશ.

અસલના વખતમાં તો ગામને પાધર નદી હોય, તો બધા ત્યાં જ ન્હાય. પાણી કોણ ઘેર ઊનું કરે?

રાજા બોલ્યોઃ એવો તે નીમ હોય? લોકો તો બધા જ નદીએ ન્હાય છે. બીવા જેવું કંઇ નથી.

ના, માફ કરજો. પણ હું ઘર બહાર નહિ ન્હાઉં. કૂવાને પાણીએ ન્હાઇશ.

રાજા સહેજ હસ્યો. પછી બોલ્યો: વારૂ, ઠીક.

તેમ તો તેમ. એમાં મારૂં શું જાય?

પંડિતજી તો ત્યાં રહ્યા.

૬

હવે આ રાજાને પેટે છોકરૂં ના મળે. રાજારાણી એ વાતનો વિચાર કરી બહુ દુઃખી થતાં.

પણ આ પંડિતજી પધાર્યા ત્યારથી તો બધો ફેરફાર થઇ ગયો. તે રોજ પૂજા કરે છે, પાઠ કરે છે, પોથી વાંચે છે. રાણીને આશિષ દે છે. રાણીને તો આશિષ ફળી. થોડે દહાડે છોકરો થયો.

પછી શહેરમાં ખૂબ ધામધૂમ થઇ રહી. રાજાએ પંડિતજીને કહ્યું: મહારાજ, આ છોકરાને ભણાવવાનું તમારે.

મહારાજ કહે: વારૂ.

એમ કરતાં કરતાં છોકરો મોટો થયો. છોકરો તો મોંઘા મૂલનો. ભારે લાડકવાયો. રાણીને પણ વહાલો ને રાજાને પણ પ્યારો. ને આપણા પંડિત ભાઇને ય તેના પર હેત તો ઘણુંજ હોય ને!

(૭)

સાત વરસનો થયો. એટલે જનોઇ દેવાનું થયું. દહાડો નક્કી થયો. મોટી ધામધૂમ શરૂ થઇ. છોકરાને નવડાવી ધોવડાવી જનોઇ દેવાની. જનોઇમાં તો નદીએ જ નાહવાનું હોય.

પણ પંડિતજીએ તો ના પાડી. તમે બધા એને નવડાવી લાવો. હું આવવાનો નથી. મારે નીમ છે.

રાજા કહે: કેમ મહારાજ, તમને બીક શાની છે ?

મહારાજ કહે: હું મગરથી બીઉં છું.

ઓહોહો, ત્યારે એમ કહો ને ! આ નદીમાં કોઇ મગર જ નથી. નાની નદી છે. તમે તમારે ખુશીથી જાઓ. બેચાર ડગલાં પાણીમાં જજો. વધારે જતા જ ના. પણ ગુરૂ વગર કંઇ ચાલે ? નવડાવે તો ગુરૂ જ ને ?

પણ તો યે બ્રાહ્મણભાઇ ન માને. ત્યારે રાજા કહે: ચાલો ત્યારે, એક વાત કરો. તમે જાઓ.

પણ સાથે હું સો માણુસ મોકલું છું. તે બધા તમારી આસપાસ ઊભા રહેશે. પછી શી મકદૂર કે મગર આવે ? તમે ફક્ત ચાર છ ડગલાં પાણીમાં જ જજો.

બાપાનું જોઇને દીકરો વળગ્યો. કુંવર તો પાછો લાડકવાયો. ગુરૂ ન આવે તો તો હું નાહુંવું જ નહિ ને ! એવી એણે જીદ લીધી.

સો માણુસ નદીમાં ઊતરીને પહેરો કરે એ શરતે આખરે ગુરૂજી કબૂલ થયા. બધા નદીએ ગયા. કુંવર તૈયાર થયો. ગુરૂજી તૈયાર થયા. સો માણુસથી વીંટળાઇને બંને નદીના પાણીમાં ઊતર્યાં.

પણ કુંવરને તો પાણીમાં નાહવાનું બહુ ગમે. તેણે તો પાણીમાં કૂદાકૂદ કરી મુકી. નાચે, કૂદે ને ગેલમાં ગુરૂને છાલકો મારે. એમ કૂદતો જાય ને માણીમાં આગળ વધતો જાય. ગુરૂ કહે: બસ. કુંવર કહે: હવે બેજ ડગલાં. જરાક જ. કૈસી ગમ્મત આવે ! એમ બીઓ છો શું મારા ભાઇ !

આસપાસ સો માણુસનું કુંડાળું છે. કુંવર

આગળ જાય છે ને ગુરૂને પણ ખેંચે છે. થોડે ગયા. પાણી કમ્મર સુધી આવ્યું. કુંવરને ગળા સુધી આવ્યું. ત્યાં તો ભપ્પ દઇને કુંવર મટીને મગર થયો. ગુરૂને લીધો ઝડપમાં ને ઉંડા પાણીમાં જતો રહ્યો !

સો માણસો રડતા કૂટતા ઘેર ગયા ! કુંવર કેવો ને વાત કેવી ?





એક હતા કચરાભાઇ. નામ તો કંઇ બીજુંજ હતું. ઘણું મજાનું, હોં! પણ સૌ કચરો કચરો કહીને જ બોલાવે. એટલે જાણે એ જ નામ પડી ગયું !

તેના ઘરમાં બે જ જણાં. તે ને તેની મા. બીજું કોઇ નહિ. ઘરે પણ શાનું, ઝૂંપડીસ્તો. ગામને એક ખુણે ઝુંપડીમાં બન્ને રહે.

મા થોડું સૂતર કાંતે, થોડું દળે. અરોશી-પડોશીનું કામ કરે. એમ કરીને સુખેદુઃખે પેટ ભરે.

ધીમે ધીમે આપણા કચરાભાઇ મોટા થયા. પંદર વરસના થયા. સત્તરના થયા. પણ કામ-

કાજ કંઇ કરે નહિ. દહાડો બધી રમી ખાય. કૂદે, નાચે ને રખડે. બે વાર પેટ ભરે, ને રાત પડે કે ઉંઘડી કાઢે. પણ કંઇ કમાય બમાય નહિ.

માનો તો એકનો એક. લાડકો તો ખરો જ ને! તોય રોજ ટોક ટોક કરે. કાંઇ તો કામ કર. કંઇ ધંધે તો વળગ. બે પૈસા કમાઇ તો લાવ. પણ કચરાભાઇ સાંભળે શાના?

પછી એક દહાડો તો ડોશીમા ખિજાઇ ગયાં: મેર રે અલ્યા! આવો તે શું પાકયો! શેર ખાય છે, શેર પીએ છે ને પાશેર પણ ઘરમાં તો લાવતો નથી! એ તે શું? કાલે જા કામે. ન ગયો તો તને ભૂખે જ ઠોકાવા દઉં. ખાવા જ ન આપું ને! લે, આ કહી દીધું.

માએ તો ડોળા રાતા રાતા કીધા. હોઠ પણ જાણે થર થર થથરે. ગુસ્સો તો જાણે એવો આવ્યો કે ન પૂછો વાત!

કચરાભાઇને લાગ્યું કે હવે તો વાત વંઠી. હવે તો કંઇક કરવું જોઇએ. ચાલો ત્યારે ભાઇ,

જઇએ નોકરીએ.

બીજે દહાડે કચરાભાઇ તો કામ શોધવા નીકળ્યા. ચાલતાં ચાલતાં એક ખેતર આવ્યું. ખેડૂત હળ હાંકે. કચરો તેને કહે: ખેડૂતભાઇ, ખેડૂતભાઇ! મને કંઇ કામ સોંપીશ? તું જે કહે તે કરૂં. મને થોડી મજૂરી આપજે.

ખેડૂત કહે: વારૂ ભઇલા. આ જુવારના સાંઠા કાપવાના છે. કાપી નાખ. સાંજે તને ચાર સવાકા આપીશ.

કચરાભાઇ તો કામે વળગ્યા. કામ કર્યું. સાંજ પડી કે ચાર પૈસા લીધા ને ચાલ્યા ઘર તરફ.

આજે તો કચરાભાઇ હરખાય તો હરખાય! હસાઇ હસાઇ જાય. પૈસા કમાયો, પૈસા કમાયો એમ થયાં કરે. ને ભાઇ તો પેલા દોઢિયાં ઉછાળતા ઉછાળતા ચાલે.

રસ્તે એક નાનો વહેળો આવે. તે પર નાનકડો પુલ. કચરાભાઇ તો ત્યાં પણ પૈસા

ઉછાળતા ઉછાળતા ચાલ્યા ! ત્યાં તો આવ્યો પવનનો સપાટો ને પૈસા ગયા પાણીમાં !

પછી જોઇ લ્યો કચરાભાઇનું મોં !

બિચારો તો વીલે મોઢે ઘેર આવ્યો. જાણે આંખમાંથી હમણાં જ આંસુ નીકળી પડશે. માને વાત કહી. મા કહે: મેર મુરખ ! પૈસા તે વળી ઉછાળતાં ચલાય ? હવે જે મળે તે લુગડાને છેડે બાંધજે, સમજ્યો ? કચરો કહે: વારૂ મા. કાલે તેમ કરીશ.

બીજે દહાડે કામે ગયો. ગામનો દૂધવાળો રસ્તે મળ્યો. તેની તબીયત ઠીક નહોતી. કચરાને જોઇને કહે: કચરા, કચરા, મારૂં દૂધ વેચી આવીશ ? મારા જીવને કરાર નથી. વેચી આવશે તો તને બશેર દૂધ દઇશ.

કચરો કહે: વારૂ ભાઇ.

સાંજ પડી કે નાની મટકીમાં બશેર દૂધ લીધું. ધોતિયાને છેડે મટકી બાંધી. માએ કહ્યું હતું ને ? છેડો ખભે ઝૂલતો નાખ્યો. ને કચરા-

ભાઇ તો કૂદતા નાચતા ચાલી નીકળ્યા.

કૂદતા ચાલતાં તો મટકી વાંકી થઇ ગઇ ને દૂધ તો સરસર સરસર વહી ગયું.

કચરાભાઇ ઘેર જઇ જુએ તો દૂધ ન મળે. માએ કહ્યું: મેર મુરખ! આમ તે લવાય? વાસણ હોય તે તો માથે મૂકીને લાવીએ.

કચરો કહે: વારૂ માડી, કાલે તેમ કરીશ.

ત્રીજે દહાડે પાછો ત્યાં જ ગયો—દૂધવાળાને ત્યાં. દૂધ વેચી આપ્યું. બધું વેચાઇ ગયું. દૂધવાળે સાંજે મહેનત બદલે માખણ આપ્યું. પાંદડાની અંદર બાંધીને આપ્યું.

કચરાભાઇ માખણનું પડીકું માથે મેલી નીકળ્યા. ત્યાં તો તાપે તાપે—સુરજને તડકે માખણ ઓગળવા જ માંડયું ને! માખણ તો રેલો થઇને માથે લાગ્યું, વાળે લાગ્યું, પીઠે થઇને પડી ગયું!

કચરાભાઇ તો રડતા રડતા ઘેર ગયા. મા કહે: મેર મુરખ! માખણ હતું તો હાથમાં લાવવું'તું ને! કાલે એમ કરજે, સમજ્યો?

કચરાભાઇએ હા કહી.

પણ બીજે દહાડે કામ મળ્યું ભઠિયારાને ત્યાં. ભઠિયારા પાસે એક બિલ્લી હતી. તે કહે: ભાઇ કચરા! તું આજે મારી રોટલીઓ શેકી દઈશ? હું તને આ બિલ્લી આપીશ.

કચરો કહે: વારૂ શેઠ.

સાંજ પડી એટલે કચરાભાઇ તો બે હાથ વડે બિલ્લીના ટાંટિયા પકડીને નીકળ્યા. ઘર તરફ વળ્યા. પણ બિલ્લીને તો દોરવાની હોય; કંઇ ટાંટીએ ઝાલવાની હોય? બિલ્લીબાઇએ તો કરી કુદાકુદ, કાઢ્યું જોર ને માર્યો ભુસ્કો. કચરાભાઈને તો બીકે બહુ લાગી—વખતે કરડશે. બિલ્લીબાઇ ગયાં નાસી ને કચરાભાઇ ગયા ઘેર.

મા કહે: મેર મુરખ! એને તો દોરી બાંધીને ખેંચી લાવવાની હોય. કાલે એમ કરજે, સમજ્યો?

કચરાભાઇ સમજી ગયા.

પછીને દહાડે એ રહ્યો મિઠાઇવાળાને ત્યાં.

તેણે સાંજે બરફીપેંડાનું મોટું જેવું પડીકું આપ્યું. કચરાભાઈએ તો પડીકાને બાંધી દોરડી, ને ઘસડતા ઘસડતા ચાલ્યા. ઘસડાતાં ઘસડાતાં તે પડીકું ટકે ? પડીકું ફાટી ગયું. બરફીપેંડા બહાર નીકળ્યાં. પડ્યા રસ્તા પર; તે કૂતરા બિલાડાં ખાઇ ગયાં. કાગડા ચકલીઓએ ઉજાણી કરી. ને



કચરાભાઇ તો રડતા રડતા ઘેર ગયા.

મા કહે: મેર મુરખ! એને તે એમ ઘસડાય? ખભે મૂકી આણવું'તું. કાલે એમ કરજે.

કચરાભાઇ કહે: હવે નહિ ભૂલું.

બીજે દહાડે પાછા કામે નીકળ્યા. કામ ખોળતા તળાવે ગયા. તળાવે જુવે છે તો કપડાંનો એક ઢગલો છે. પાસે ધોબી બેઠો છે. બેઠો બેઠો રડે છે. કચરો પૂછે: કેમ ભાઇ, રડે છે?

પેલો કહે: રડું નહિ તો શું કરૂં? હું રહ્યો ઘરડો ખખ. છોકરો ગામ ગયો છે. આટલાં કપડાં ધોવાનાં છે. કાલે આપવા જ જોઇએ. મારાથી ધોવાતાં નથી. જોર ક્યાંથી લાવું? ને ઘરાક કંઇ વાયદા સાંભળે?

કચરે તરત કહ્યું: ઓહોહો, તે લાવો ને, હું ધોઇ દઉં. પણ આપશો શું?

પેલો કહે: ભાઇ, પૈસા તો નથી. આ એક ખોડો ગધેડો છે. તે જોઇએ તો આપું. મારે સૌ થઇ રહેશે.

કચરો કહે: વારૂ, તેમ તો તેમ.

કપડાં છબછબાવ્યાં. પાયા પાડયા. સફેદ ચણી જેવા કર્યાં. સાંજ પડી કે પેલા ભાઇએ તો ખોટું ગધેડું આપ્યું.

મહાખુશીખતે કચરાભાઇએ તેને લુગડે દોરડે બાંધ્યું ને લીધું ખભા પર. ગધેડું તો કૂદવા લાગ્યું ને ભૂંકવા લાગ્યું. પણ કચરો કહે: આજે ન જવા દઉં. બહુ દહાડા માલ ગુમાવ્યો. આજે તો ઘેર લઇ જઇ માને સોંપું તો જ ખરો. એમ કરીને દુ:ખેસુખે કચરાભાઇ તો ખભે ગધ્ધો લઇને ચાલી નીકળ્યા.

× × ×

હવે એ ગામમાં એક શેઠિયો રહે. ભારે તવંગર. વાડીવજીફા જમીનજાગીરનો પાર નહિ. નોકરચાકર સિપાઇસપરાં—ભારે ઠાઠમાઠ !

પણ બાપડો દુ:ખી બહુ. પેટે છોકરો નહિ. ફક્ત એક જ છોકરી તે યે મૂગી ને મૂજી. ન બોલે કે ન હસે. શેઠજીએ તો વૈદ તેડાવેલા ને

હકીમ કરેલા. હજારો રૂપીઆ ખરચ્યા પણ ન થાય બોલતી કે ન થાય હસતી.

બધા વૈદ કહે, કે કોઇ એને હસાવશે તો એ સાજી થશે. હસતી પણ થશે ને બોલતી પણ થશે.

એમ કરતાં તે તો મોટી થવા લાગી. શરીર સારૂં. દેખાવે રૂપાળી, મોં તો જાણે ચાંદા જેવું. પણ બોલે જ નહિ ને !

શેઠે બહુ બહુ ઉપાય કીધા. પણ છોકરી હસે નહિ. ખાસ્સી પંદર સોળ વરસની થઇ. પણ બોલવાની વાત નહિ. છેવટે શેઠે નક્કી કર્યું કે જે એને હસાવે તે જ એને પરણે ને મારી દોલત લે.

આ શેઠજીનું ઘર રસ્તામાં જ હતું. અને રસ્તેથી કચરાભાઇ તો ચાલ્યા ચાલ્યા જાય છે. ખભે ગધેડું છે. ખોડું છે. તે કૂદે છે ને ભૂંકે છે. ભૂંકે છે ને કૂદે છે. પરસેવે ઝોબાઝોબ કચરાભાઇ પણ બોલે છે: આજે તો નહિ છોડું બચ્ચાજી ! ગમે તેટલું ભૂંક ને !


શેઠની દીકરી ઝરૂખે ઊભી હતી. અવરજવર જોતી હતી. ત્યાં તો કચરાભાઇ આવી લાગ્યા.

એટલે તેમને જોઇને મૂગી, મૂજી છોકરીને ખડખડ ખડખડ હસવું આવ્યુંજ છે ને! તેણે તો આવું કદીજ નહોતું જોયું. ગદ્ધાભાઇને ઊંચક્યા છે, કચરાભાઇ ચાલે છે; ગદ્ધાભાઇ પણ કૂદે છે ને કચરાભાઇ પણ કૂદે છે! જાણે ગધેડિયો નાચ!

બાપા! ગમ્મત, બાપા ગમ્મત!—કરતી ખડખડ હસતી તે તો અંદર દોડી. રોગ તેનો સાજો થઇ ગયો. શેઠની ખુશાલીનું તો પૂછવુંજ શું?

તેણે તો શરત મુજબ કચરાભાઇ સાથે દીકરી પરણાવી ને દોલત આપી.

કચરાભાઇ શેઠના જમાઇ થયા. પછી તો ખાધુંપીધું ને લહેર કરી—કચરાએ, ને વળી એની ડોશીએ સુદ્ધાંસ્તો!



બા ળ પ ખ વા ડિ ક

એનો પહેલો અંક જોઇ સ્વ. શ્રી ગિજુભાઈ આપોઆપ બોલી પડેલાઃ (૧–૮–૩૪) આ તો સો કરતાં ચડિયાતું છે. સો બાળપત્રોને એ જોઇ સુધરવું પડશે

શ્રી ઇન્દુલાલ સેવકલાલ દવેઃ (મેડીકલ ઑફિસર, વડોદરા) લખે છેઃ "ગાંડીવ પાક્ષિક ઘણું જ લોકપ્રિય થવા ઉપરાંત જેને માટે તે પ્રસિદ્ધ થાય છે, તે લોકોમાં–બાળકોમાં પ્રિય થયું છે......છોકરાં રાહ જોયા કરે છે...વાંચવા માટે હરિફાઇ ચાલે છે."

ગાંડીવ સાહિત્ય મંદિર :: સુરત